# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

SGCCI

Ref no. PN 2026-27/64 Dt. 14/08/2026

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

નીચે મુજબની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ચેમ્બર દ્વારા સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે 'વિકાસની સફર - નવભારત: કલ, આજ ઔર કલ' સંગીતમય કાર્યક્રમ યોજાયો

## સંજીવકુમાર ઓડિટોરિયમમાં ગાયક આશિષ (Awesome AV) અને બેન્ડે દેશભક્તિના સૂર રેલાવી શહેરીજનોને મંત્રમુગ્ધ કર્યા

### સુરત માત્ર ઉદ્યોગ-વેપારનું કેન્દ્ર નથી પરંતુ રાષ્ટ્રપ્રેમ અને કળાનો અનોખો સંગમ પણ છે: ચેમ્બર પ્રમુખ અશોક જીરાવાલા

### 'દિલ દિયા હૈ જાં ભી દેંગે', 'સંદેશે આતે હૈ' અને 'ભારત હમકો જાન સે પ્યારા હૈ' જેવા ગીતોથી ઓડિટોરિયમ દેશભક્તિના રંગમાં રંગાયું

### ચેમ્બરના પદાધિકારીઓ, પૂર્વ પ્રમુખો અને કલારસિકોની બહોળી ઉપસ્થિતિ

સુરત, 14 ઓગસ્ટ 2026: ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (SGCCI) દ્વારા સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે ભારતની ગૌરવશાળી વિકાસયાત્રા, સમૃદ્ધ વારસો અને ઉજ્જવળ ભવિષ્યને બિરદાવવા ગુરુવાર, તા. 13 ઓગસ્ટ 2026ના રોજ સાંજે 07:30 કલાકે પાલ સ્થિત સંજીવકુમાર ઓડિટોરિયમ ખાતે 'વિકાસની સફર - નવભારત: કલ, આજ ઔર કલ' ભવ્ય સાંસ્કૃતિક સંધ્યાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય કલાકાર આશિષ (Awesome AV) અને તેમના બેન્ડ દ્વારા સુમધુર સૂર સાથે દેશભક્તિના ગીતોની શાનદાર પ્રસ્તુતિ કરવામાં આવી હતી.

**સુરત રાષ્ટ્રપ્રેમ અને કળાનું અનોખું સંગમસ્થાન: અશોક જીરાવાલા**

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ સ્વાગત પ્રવચન કરતા જણાવ્યું હતું કે, "સુરત એ માત્ર ઉદ્યોગ અને વેપારનું ધબકતું હૃદય જ નથી, પરંતુ રાષ્ટ્રપ્રેમ અને કળાનો અનોખો સંગમ છે. આપણો દેશ આજે પ્રાચીન સમૃદ્ધ વારસાથી લઈ આધુનિકતા, ટેકનોલોજી અને આત્મનિર્ભરતા તરફ ઝડપથી કૂચ કરી રહ્યો છે. ભારતની આ ગૌરવશાળી વિકાસયાત્રાને નવા ભારતના સંકલ્પ સાથે કળા અને સંગીતના માધ્યમથી ઉજવવો એ આપણા સૌ માટે ગર્વની બાબત છે."

**દેશભક્તિના અમર ગીતોથી ઓડિટોરિયમ ગૂંજી ઊઠ્યું:** કાર્યક્રમ દરમિયાન ભારતીય સંસ્કૃતિની ઝાંખી કરાવતું 'હૈ પ્રીત જહાં કી રીત', સરહદે તહેનાત સૈનિકોના બલિદાનને વંદન કરતું 'દિલ દિયા હૈ જાન ભી દેંગે યે વતન તેરે લિયે', 'સંદેશે આતે હૈ', 'ચક દે ઇન્ડિયા', 'એ વતન વતન મેરે આબાદ રહે તું', 'જય હો', 'ભારત હમકો જાન સે પ્યારા હૈ' અને 'યે દેશ હૈ વીર જવાનો કા' જેવા અવિસ્મરણીય દેશભક્તિ ગીતો રજૂ કરીને કલાકારોએ સમગ્ર ઓડિટોરિયમને રાષ્ટ્રભાવનાના રંગે રંગી દીધું હતું.

આ પ્રસંગે ચેમ્બરના વાર્ષિક ઈવેન્ટ પાર્ટનર્સ સિંઘી ફાન્સશિયલ એડવાઈઝર્સ, મહેતા વેલ્થ, લુથરા ગ્રૂપ, સોલેક્લ એનર્જી,જૈનમ ગ્રૂપ, લિબર્ટિસ, કે.પી. ગ્રૂપ, સિગ્નેચર, જેબીજીઓ, કુંભાત ઈન્વેસ્ટમેન્ટ બેકીંગ, સર્જન ગ્રૂપ, શાહ પબ્લિસિટી, ડી.ખુશાલભાઈ જ્વેલર્સ, સ્ટીમ હાઉસ, અઝમેરા ફેશન, તોરિન વેલ્થ મેનેજમેન્ટ, 3 સ્ટાર બ્રાન્ડિંગ પ્રા. લિ., ભથવારી ટેક્નોલોજીસ, સોહાગિયા ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ, એન્થેમ્સ કોર્પોરેશન, ગ્રીનફિલ, જ્યોતી હાયડ્રોટેક પ્રા.લિ, એલાયન્સ, શેડ એન્ડ લાઈટ, રૂંગટા ડેવલપર્સ, ગ્લોબેલા ફાર્મા, એક્ઝિમ કનેકટ, સનબો અને સ્ટ્રેટફિક્સનું સન્માન કરાયું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના માનદ્ મંત્રી શ્રી પરેશ લાઠિયાએ સમગ્ર ઇવેન્ટની રૂપરેખા આપી હતી. આ પ્રસંગે ચેમ્બરના તત્કાલીન પૂર્વ પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી, માનદ્ ખજાનચી શ્રી અતુલ પટેલ, ઓલ એક્ઝિબિશન ચેરમેન શ્રી મનિષ કાપડિયા તેમજ પૂર્વ પ્રમુખો સર્વશ્રી વિજય મેવાવાલા, હિમાંશુ બોડાવાલા, ચેતન શાહ અને દિલીપ ચશ્માવાલા સહિત ગ્રુપ ચેરમેનો, ઉદ્યોગ અગ્રણીઓ અને મોટી સંખ્યામાં કલારસિક શહેરીજનો ઉપસ્થિત રહ્યા હતા.